**કરજણના મે. અધિક ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોટમાં, મુ.કરજણ.**

**આંક–૧ લગત હુકમ**

**૧.** ફરીયાદ પક્ષની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીઓ મોજે: હલદરાવા ગામે નવીનગરીમાં ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે પત્તા પાના પૈસા વડે હાર જીતનો જુગાર રમી મુદ્દામાલ સાથે રેડ દરમ્મ્યાન પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ. જેનું અને અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

**૨.** આ કામે આરોપીને સમન્સ કરતાં, આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં, ક્રિ.પ્રો. કોડની કલમ: ૨૦૭ નું પાલન કરતા તેઓને પોલીસ તપાસના કાગળો ની નકલો આપવામાં આવેલ છે.

**૩.** બાદ ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૧ અન્વયે આરોપીને ઉકત ગુના સંબંધેનો જવાબ લેતાં તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવતાં તેઓએ સ્વેચ્છાએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ છે. તથા તેમણે પોતાની સામેના ગુના અંગેની કબુલાત પુરશીશ રજુ કરેલ છે.

**૪.** આરોપીએ પોતાની ગુના કબુલાત પુરશીશમાં દયાની અરજ કરેલ છે અને દલીલમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ અને બચરવાળ ઈસમ છે તેમજ કુટુંબના ભરણ પોષણની જવાબદારી તેમના ઉપર છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેમ જણાવી દયાની માંગણી કરેલ છે. તથા આરોપીની કબુલાત આ સ્વૈચ્છીક કબલાત જણાઈ આવે છે.

**૫.** આમ આરોપીની સ્વૈચ્છિક કબુલાત, પરિસ્થિતિ, દયાની માંગણી, કાયદાકીય જોગવાઈ તથા કેસના સંજોગો અને હકીકતો તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**હુ ક મ**

**૧.** આ કામના આરોપી નં.(૧)ઈકબાલભાઈ ઈબ્રાહીમભાઈ પટેલ (૨)રાજેશભાઈ નટુભાઈ વસાવા, (૩)સુરેશભાઈ છોટુભાઈ વસાવા, (૪)કમલેશભાઈ નરસિંહભાઈ વસાવા, (૫)નદીમ ઈશાકભાઈ પઠાણ, (૬)મહેશભાઈ ભિખાભાઈ વસાવા (૭)અસ્લમભાઈ ઈશાકભાઈ પઠાણ, (૮)નિસાર સલીમભાઈ દિવાન, (૯)સુરેશભાઈ પ્રભાતભાઈ વસાવા (૧૦)બિપીનભાઈ અંબાલાલ વસાવા તમામ રહે.હલદરવાને જુગારધારાની કલમ ૧૨ અન્વયેના ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે, તથા તમામ આરોપીઓને વ્યકિતગત આરોપીદીઠ રૂા.૩૦૦/- નો દંડ મળી કુલ રૂા.૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અને જો આરોપીઓ દંડ ભરવામાં કસુર કરે કે નિષ્ફળ જાય તો દિન:૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** મુદ્દામાલના નાણાં અપીલ સમય વિત્યા બાદ સરકાર ખાતે જમા કરવાનો તથા પાના પત્તા નંગ:૫૨ નો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૪/૨૦૨૬.
મુકામ: કરજણ.

પ્રદીપકુમાર વસંતલાલ ધીમર
અધિક ચીફ.જ્યુડી.મેજી. કરજણ,
જજ કોડ: જીજે૦૧૪૮૮.